# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાયબલ સબ-પ્લાન યોજના અંતર્ગત ખેડૂત તાલીમ તેમજ કીટ વિતરણ કાર્યક્રમ

પંચમહાલ, દાહોદ તેમજ મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા તા.૧૧/૦૧/૨૦૨૪ ના રોજ અત્રેના કેન્દ્ર ખાતે ટ્રાયબલ સબ-પ્લાન યોજના અંતર્ગત ખેડૂત તાલીમ યોજવામાં આવી.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા તેમજ તેનો બહોળો પ્રચાર થાય એ ખુબ જ અગત્યનું હોઈ સદર ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવ્યું. સદર ખેડૂત-તાલીમમાં ૨૮ જેટલા ખેડૂત ભાઈઓએ ભાગ લીધેલ હતો. આ ખેડૂત-તાલીમમાં અત્રેના કેન્દ્રના વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક, ડો.એમ.બી.પટેલ દ્વારા મકાઈની મૂલ્યવર્ધિત તથા સંકર અને સંયોજિત જાતોની માહિતી આપી હતી તેમજ મકાઇમાં વધુ ઉત્પાદન લેવા માટે લોકલ બિયારણનો વપરાશ બંધ કરીને વધુ ઉત્પાદન આપતી સંકર જાતોનો વપરાશ કરવા આગ્રહ કરેલ હતો.

મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ.પી.કે.પરમાર (પ્લાન્ટ બ્રિડર) એ મકાઈમા બીજ ઉત્પાદન થકી કઈ રીતે સારી આવક મેળવી શકાય એની માહિતી આપી હતી. શ્રી.કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઈમાં રસાયણિક ખાતર વ્યવસ્થાપન તેમજ નીંદામણ નિયંત્રણ કરવા પર ભાર મુકેલ હતો. ડો.એસ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટક શાસ્ત્રી) દ્વારા મકાઈ પાકમાં આવતી નવીન જીવાત લશ્કરી ઈયળની ઓળખ અને તેના સંકલિત નિયંત્રણ અંગે વિગતવાર ચર્ચા કરેલ હતી.

શ્રી.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રાસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે તેમજ પ્રથમ હરોળના નિદર્શન વિષે વિસ્તૃતમાં માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું અને ટ્રાયબલ સબ-પ્લાન અંતર્ગત બેટરી ઓપરેટેડ પંપનું વિતરણ કરવામાં આવેલ હતુ.




